| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૧૪ | ૦૬ | ૨૦૨૨ |
| દાખલ તારીખ : | ૧૪ | ૦૬ | ૨૦૨૨ |
| ફેસલ તારીખ : | ૧૬ | ૦૫ | ૨૦૨૬ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૦૨ | ૧૧ | ૦૩ |

# મે. જુનાગઢના વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી, સમક્ષ.

**વર્કમેન કોમ્પે. ફેટલ કેસ નં.૦૭/૨૦૨૨**

**આંક–૧૦૮**

**અરજદાર** : ગુજરનાર કાનજીભાઈ લીલાભાઈ ચાવડાનાં વારસો,
પાર્વતીબેન કાનજીભાઈ ચાવડા,
ઉ.વ.૬૯, ધંધોઃઘરકામ, ધર્મેઃ હિન્દુ,
રહે. જુનાગઢ, હે.શ્રીજી કૃપા, સહજાનંદ સામે,
દાતાર રોડ, દુબડી પ્લોટ, જુનાગઢ.

**–ઃ વિરુધ્ધ ઃ–**

**સામાવાળાઓ** :– (૧) રોહિતભાઈ મોહનભાઈ પટ્ટણી,
ઉ.વ.૩૭, ધંધોઃકોન્ટ્રાકટર,
હે.કામદાર સોસાયટી, દુબડી પ્લોટ, જુનાગઢ.

(૨) વાઘેલા શીવાજી છોટુભા,
ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી, રહે. ગેડી,
તા.રાપર, જી.કચ્છ.

(૩) વાઘેલા રામદેવસિંહ છોટુભા,
ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી, રહે.ગેડી,
તા.રાપર, જી.કચ્છ.

(૪) શ્રી સારકમાં સેવા ટ્રસ્ટ ગેડીના રાપર–કચ્છ
ટ્રસ્ટ રજી.નં.૨૩૯૩/કચ્છ,
ટ્રસ્ટીશ્રી,

(૫) હરપાલસિંહ અનિરૂધ્ધસિંહ વાઘેલા,
ઉ.વ.પુખ્ત, ધંધોઃખેતી, ધર્મેઃહિન્દુ,
રે.ગેડી, તા.રાપર–કચ્છ

(૬) વાલજીભાઈ હિરજીભાઈ કેરાઈ,
ઉ.વ.પુખ્ત, ધંધો:કોન્ટ્રાકટર, ધર્મે:હિન્દુ,
હે.પટેલ વાસ (ભુજ કચ્છ),
રહે.માંડવી, જી.તા.ભુજ–કચ્છ.

**બાબત :** કામદાર વળતર ધારા અધિનિયમ હેઠળ વળતર અરજી.

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વકીલશ્રી એસ.વી.બોરીચાંગર |
| સામાવાળા નં.૧ તરફે | : | વિ.વકીલશ્રી કે.સી.શીંગાળા |
| સામાવાળા નં.૨,૩ તરફે | : | વિ.વકીલશ્રી ડી.એન.મુલચંદાણી |
| સામાવાળા નં.૪ થી ૬ તરફે | : | એકતરફી |

## –:: JUDGEMENT ::–

**(૧)** અરજદારએ હાલની અરજી કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતર મેળવવા કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર જુનાગઢ મુકામે તેમના કુટુંબ સાથે રહે છે. અરજદાર ગુજરનારના વિધવા પત્નિ છે અને ગુજરનાર કમાણી કરી તેમનો નિર્વાહ કરતા હતા. જયારે સામાવાળા નં.૧ કોન્ટ્રાકટર છે અને સામાવાળા નં.૨ અને ૩ ની માલીકીની જમીનમાં બનેલ સારગ માતાજીના મંદિરનુ ચણતર, કલમ વિગેરેનુ કામ વિગેરે કરવા માટે સામાાવાળા નં.૨ અને ૩ નાએ સામાવાળા નં.૧ ને કોન્ટ્રાકટ આપેલ અને સામાવાળા નં.૧ નાએ ગુજરનાર તથા અન્યોને તેમના કોન્ટ્રાકટ હેઠળ કામદાર તરીકે કામ ઉપર રાખેલ ગુજરનાર સામાવાળાઓને ત્યાં ચણતર અને કલમર કામના કારીગર તરીકે ફરજ બજવાતા હતા અને દરરોજના રૂા.૭૦૦/– મહેનતાણુ તથા આવવા જવાનુ ભાડુ તથા ચા પાણી નાસ્તો જમવાનુ તે રીતે મહેનતાણુ ચુકવતા હતા તે રીતે માસીક રૂા.૨૧,૦૦૦/– ની કમાણી કરતા હતા અને ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર માલીકનો સબંધ સ્થાપિત થયેલો હતો અને તા.૪/૧૦/૨૦૨૦ ના સાં જના પાચેક વાગ્યાના અરસામાં ગુજરનાર મંદિર ઉપર કામ કરતા હતા તે વખતે અચાનક પગ લપસી જતા પડી જતા જીવલેણ ઈજાઓ થતા ગુજરનારનુ મરણ થયેલ છે.

તયારબાદ ત્યાં કામ ઉપર હજાર કામદાર અને અન્ય વ્યકિતઓ ગુજરનારને દવાખાને વાગડ વેલફેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા ત્યાંના ફરજ ઉપરના ડોકટરશ્રીએ ગુજરનારને મરણ ગયેલ જાહેર કરેલ અને ગુજરનારનુ પી.એમ કરવા માટે મુકેશભાઈ અમૃતભાઈ રાજપુત વિગેરે સી.એચ.સી. ભચાઉ હોસ્પિટલમાં લઈ ગયેલ અને ત્યાં આગળ ફરજ ઉપરના ડોકટરે પી.એમ. કરેલ અને આ અંગેની રાપર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત નં.૧૬/૨૦૨૦ સી.આર.પી.સી. કલમ–૧૭૪ મુજબની નોંધ તા.૫/૧૦/૨૦૨૦ નારોજ થયેલ છે. આમ ગુજરનારનુ અવસાન થયેલ હોવાની હકીકતની જાણ સામાવાળાઓને હોવા છતા અવાર નવાર વળતરની માંગણી કરવા છતા આજ દિવસ સુધી સામાવાળાઓએ વળતરની રકમ આજકાલના વયાદાઓ કરી ચુકવેલ નથી કે સંતોષકારક જવાબ આપેલ નથી. આમ સામાવાળાઓએ વળતર જમા ન કરાવતા હાલની આ વળતર અરજી કરવા ફરજ પડેલ છે અને ગુજરનારના આશ્રિત તરીકે વળતર મેળવવા હકકદાર થયેલ છીએ જે સામાવાળાઓ ચુકવવા બંધાયેલ છે. વધુમાં સામાવાળાઓ ગુજરનારને દરરોજના રૂા.૭૦૦/– મહેનતાણાના ચુકવતા હતા તે રીતે માસીક રૂા.૨૧,૦૦૦/– ચુકવતા હતા પરંતુ કાયદાની જોગવાઈ મુજબ વધારેમાં વધારે રૂા.૧૦,૫૦૦/– ગણતરીમાં લીધેલ છે. ગુજરનારની ઉંમર અકસ્માત સમયે ૬૯ વર્ષની હતી અને કામદાર વળતર ધારાના શેડયુલ મુજબ રૂા.૨૧,૦૦૦/– ના અડધા રૂા.૧૦,૫૦૦×૯૯.૩૭ ના ગુણાંકમાં ગણતા રૂા.૧૦,૪૩,૩૮૫/– ની આવકનુ નુકશાન થયેલ છે જે રકમ ગુજરનારના વારસ તરીકે માંગવા મેળવવા અને સામાવાળાઓ ચુકવવા જવાબદાર છે.

સબબ અરજી કરી દાદ માંગેલ છે કે, આ કામના સામાવાળાઓ અરજદારને વળતરની રકમ રૂા.૧૦,૪૩,૩૮૫/– અકસ્માતની તારીખથી ૧૨% ના ચડતા વ્યાજ સાથે ચુકવી આપે તેવો એવોર્ડ અરજદારની તરફેણમાં કરી આપવા તેમજ સામાવાળાઓ પાસેથી પેનલ્ટીની રકમ ૫૦% ના ધોરણે અપાવવા હુકમ ફરમાવવા તેમજ કાયદા મુજબ અપાવી શકાતી અને મળી શકતી દાદ અરજદારની તરફેણમાં અપાવવા તેમજ આ વળતર

અરજીનો તમામ ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ સામાવાળાઓને કોર્ટ ધ્વારા નોટીસ કરતા સામાવાળાઓને ધોરણસરની નોટીસ બજી જતા આંક–૨૧ થી સામાવાળા નં.૧ નાઓએ જવાબ રજુ કરી અરજદારની અરજીની મહત્વની હકીકતનો ઈન્કાર કરી ખરી હકીકતે જણાવેલ છે કે, અરજદારણ ગુજરનારના પત્ની હોવાની હકીકત ખરી છે પરંતુ ગુજરનારને બે પુત્રો અને એક પુત્રી છે જેને આ કામે અરજદારો તરીકે જોડવામાં આવેલ નથી જેથી ગુજરનારના તમામ વારસો આ કામમાં પક્ષકાર તરીકે જોડવા જોઈએ જે જોડેલ ન હોય અરજી રદ થવા પાત્ર છે. વધુમાં સામાવાળા નં.૧ કોન્ટ્રાકટર નથી કોઈ કોન્ટ્રાકટનુ કામ રાખતા નથી કે આ કામમાં પણ કોન્ટ્રાકટ રાખેલ નથી બનાવ પહેલા સારગ માતાજીના મંદીરનુ ચણતર કામ કલરકામ ના મજુર તરીકે કામ કરતા હતા પરંતુ આ બનાવના થોડા દિવસ પહેલા તમામ મજુરોએ રજા રાખી ઘરે જતા રહેલ હતા. આ મંદીરનો કોન્ટ્રાકટ અન્ય કોઈએ રાખેલ હતો જેનુ નામ સરનામુ મળ્યેથી રજુ કરીશુ અને ગુજરનાર કામ કે કલર કામ જાણતા જ ન હતા તેમને આ કામના કોન્ટ્રાકટરે રસોયા તરીકે મજુરોનુ જમવાનુ બનાવવા માટે લઈ ગયેલ હતા ગુજરનાર ઉપર ચણતર કામ કે કલર કામ કરવાની કોઈ ફરજ ન હતી બનવાના દિવસે કામ પણ બંધ હતુ કામ પર એક અઠવાડીયાની રજા રાખવામાં આવતી હતી તમામ મજુરો જતા રહેલ હતા છતા પણ ગુજરનાર તેમની ફરજ ન હોવા છતા મંદીર પર ચડેલ હતા તેમને ચણતર કામ કે કલર કામ આવડતુ જ ન હતુ અને સોપવામાં આવેલ પણ ન હતુ તેઓ રસોયા તરીકે કોન્ટ્રાકટર ચુકવતા તેવી તેઓને જાણકારી છે. કારણ કે તેઓ સામાવાળા નં.૧ ને ચણતર કામ કલર કામના મજુર તરીકે કોન્ટ્રાકટર રૂા.૩૦૦/– ચુકવતા હતા. વધુમાં સામાવાળા નં.૧ કોન્ટ્રેકટર નથી પરંતુ મંદીરમાં ચણતર કામ કલર કામના મજુર હતા બનવા બનેલ ત્યારે તમામ મજુરોએ રજા રાખેલ હતી કોઈ મજુર આ જગ્યાએ ફરજ પર ન હતા તેઓ પણ હાજર ન હતા જેથી તેઓને અકસ્માતની કોઈ જાણકારી નથી. વધુમાં ગુજરનારને જે કામ માટે લઈ જવામાં આવેલ હતા તે કામ ન કરતા કોન્ટ્રેકટરની સુચના વિરૂધ્ધ કામ કરતા હોય ગુજરનાર

અને માલીક વચ્ચે કામદાર માલીકના સંબંધો સ્થાપીત થતા નથી જેથી અરજદારની અરજી રદ થવા પાત્ર છે. આમ તેઓ સામાવાળા નં.૧ કોન્ટ્રેકટર નથી બનાવ સ્થળે મજુર કામ કરતા હતા ગુજરનારને કામે રાખેલ નથી.

(૩) ત્યારબાદ સામાવાળા નં.ર અને નં.૩ તરફે આંક–રર થી તેઓનો વાંધા જવાબ રજુ કરી ખરી હકીકતે જણાવેલ છે કે, તેઓએ સારગ માતા મંદીરના ટ્રસ્ટને તેમના વડવાઓની ઈચ્છા મુજબ વર્ષ ૨૦૧૨ માં આ જમીન દાનમાં આપી દીધેલ છે. ત્યારબાદથી તેઓ આ જગ્યાના માલીક નથી. સામાવાળા નં.ર રાજકોટ મુકામે રહે છે અને સામાવાળા નં.૩ ભુજ મુકામે રહે છે. તેઓએ ગુજરનાર કાનજીભાઈને કામે રાખેલ નથી મંદીરનુ કોઈ રીનોવેશન તેઓએ કરાવેલ નથી. ગુજરનાર તેમના કામદાર ન હતા સારગ માતા મંદીર ટ્રસ્ટ આ જગ્યાના માલીક છે. તેઓને અરજદાર તરફથી પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી જેથી આ કેસમાં નોન જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે સારગ માતા મંદીર ટ્રસ્ટ જરૂરી પક્ષકાર છે તેમને જોડયા વગર આ અરજી ચાલવા પાત્ર નથી જેથી હાલની વર્કમેન અરજી રદ થવા પાત્ર છે. અરજદારોએ સામાવાળા નં.ર–૩ ને તદન ખોટી રીતે જોડેલ છે. પોલીસ તપાસમાં પણ સ્પષ્ટપણે ખુલેલ છે છતા પણ સામાવાળા નં.ર–૩ ને આ કામમાં ખોટી રીતે જોડેલ છે જેથી આ કામમાં મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડે છે. ગુજરનાર અને તેઓ સામાવાળા નં.ર–૩ વચ્ચે નોકર માલીકના સંબંધો પ્રસ્થાપિત થતા ન હોય અરજી રદ થવા પાત્ર છે. જેથી ઉપર મુજબનો તેમનો જવાબ ધ્યાને લઈ અરજદારની અરજી તેઓ સામાવાળા નં.ર–૩ સામે ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૪) ત્યારબાદ સામાવાળા નં.૪ થી ૬ ને પાછળથી ચાલુ અરજીના કામે પક્ષકાર તરીકે જોડેલ હોય તેઓને ધોરણસરની નોટીસ કાઢવામાં આવેલ જે બજી જવા છતા જાતે કે વકીલશ્રી મારફત કોઈ હાજર થયેલ ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય જેથી આંક–૧ ની અરજી હેઠળ સામાવાળા નં.૪ થી ૬ સામે હાલની અરજી એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ આ કામે અરજદારની અરજી, સામાવાળાઓ તરફે રજુ જવાબ તથા રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ વળતર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ **આંક–૭૬** થી કાઢવામાં આવેલ છે.

**–:: મુદાઓ ::–**

1) Whether the applicants proves that they are legal heirs/dependents of the decd. Kanjibhai Lilabhai Chavda ?

2) Whether the applicnts proves that there was relationship of an employer and employee betweeb the decd. Kanjibhai Lilabhai Chavda and the opponents at the time of accident ?

3) Whether the applicants proved that deceased accident occurred during the course of his employment ?

4) whether the applicants proved that the age of the deceased is 69 years and the monthly income of Rs.21,000/- at the time of accident ?

5) Whether the applicants proves that the opponents are liable for paying compensation jointly and severally under the Workmen compenstaion Act ? if yes, how many ?

6) Whether the opponents are liable for paying interest and penalty ? If yes than who and what amount ?

7) What order ?

(૬) અરજદાર તરફે નીચે મુજબના મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–: અરજદાર તરફે રજુ મૌખીક પુરાવાઓ :–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર પાર્વતીબેન કાનજીભાઈ ચાવડાનુ પુરાવાનુ સોગંદનામું | ૮૦ |

**–: અરજદાર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ:–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક/નિ. |
|---|---|---|
| ૧. | સબ ડીવી. મેજી.સાહેબનો નાયબ પોલીસને લખેલ પત્રની ઝેરોક્ષ. | ૯૪ |
| ૨. | નાયબ પોલીસ અધીક્ષકશ્રીએ સબ ડીવીઝન મેજી. સા. ભચાઉને લખેલ જાવક પત્રની ઝેરોક્ષ. | ૯૫ |
| ૩. | રાપર પોલીસ સ્ટેશન તરફથી નાયબ પોલીસ અધ્કિારી ભચાઉને કરેલ રીપોર્ટની ઝેરોક્ષ. | ૯૬ |
| ૪. | રાપર પોલીસે સબ ડીવી.મેજી.સાહેબ ભચાઉને લખેલ મોતનુ કારણ એપ્રુવ થવા અંગેની ઝેરોક્ષ. | ૯૭ |
| ૫. | અકસ્માત નોંધ નં.૧૬/૨૦ની ઝેરોક્ષ. | ૯૮ |
| ૬. | ઈન્કવેસ્ટ પંચનામાની ઝેરોક્ષ. | ૯૯ |
| ૭. | પી.એમ.રીપોર્ટની ઝેરોક્ષ. | ૧૦૦ |
| ૮. | બનાવની જગ્યાનુ પંચનામાની ઝેરોક્ષ. | ૧૦૧ |
| ૯. | અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ. | ૧૦૨ |
| ૧૦. | મંદીર ઉપર લેખલ તકતીનો ફોટાની ઝેરોક્ષ. | ૫/૧૦ |
| ૧૧. | એમ્બ્યુલન્સ માં ડેડ બોડી લાવેલ તેનો ફોટાની ઝેરોક્ષ. | ૧૦૩ |
| ૧૨. | ગુજરનારના મરણના દાખલાની ઝેરોક્ષ. | ૧૦૪ |
| ૧૩. | ગુજરનારના આધારકાર્ડની ઝેરોક્ષ. | ૧૦૫ |
| ૧૪. | રાપર પોલીસને આ બનાવના પેપર્સ મોકલવા કરેલ માહીતી અધિકારની અરજીની ઝેરોક્ષ. | ૧૮/૧ |
| ૧૫. | કાગળો નહી મળતા જીલ્લા પો.અધિક્ષક ભુજને કરેલ અપીલની ઝેરોક્ષ. | ૧૮/૨ |

**(૭)** ત્યારબાદ અરજદાર તરફે આંક–૮૧ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે અને સામાવાળા નં.૧ ને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા તેઓ તરફે કોઈ હાજર ન હોય કે કોઈ રજુઆત કરેલ ન હોય તેથી તેમનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ સામાવાળા નં.ર અને નં.૩ તરફે નીચે મુજબના મૌખીક–દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–: સામાવાળા નં.ર અને નં.૩ તરફે રજુ મૌખિક પુરાવાઓ :–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.ર શિવાજી ઉર્ફે મહેન્દ્રસિંહ છોટુભાઈ વાઘેલાનું સરતપાસનુ સોગંદનામુ. | ૮૯ |
| ર. | સામાવાળા નં.૩ રામદેવસિંહ છોટુભા વાઘેલાનું સરતપાસનુ સોગંદનામુ. | ૯૦ |

**–: સામાવાળા નં.ર અને નં.૩ તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | સારક માતા મંદિર ટ્રસ્ટ નોંધણીનો દસ્તાવેજની ઝેરોક્ષ. | ૮૩ |

(૯) ત્યારબાદ સામાવાળા નં.ર–૩ તરફે આંક–૧૦૬ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૪ થી ૬ ને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા હાજર થયેલ ન હોઈ, તેઓની સામે એકતરફી અરજી ચલાવવાનો હુકમ થયેલ છે.

(૧૦) ત્યારબાદ અરજદાર તરફે વિ.વકીલશ્રી એસ.વી.બોરીચાંગરએ મૌખીક દલીલો કરેલ જે સાંભળી. જયારે સામાવાળા નં.૧ ને યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા હાજર રહેલ ન હોય સામાવાળા નં.૧ ની દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૧૧) ત્યારબાદ સામાવાળા નં.ર–૩ તરફે વિ.વકીલશ્રી ડી.એન.મુલચંદાણીએ આંક–૧૦૭ થી લેખીત દલીલ રજુ કરેલ જે વંચાણે લીધી. સદર ઉપરોકત લેખીત તથા મૌખીક દલીલ જરૂર પડયે કારણોની ચર્ચામાં આવરી લેવામાં આવશે.

(૧ર) આમ ઉપરોકત રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાના આધારે આંક–૭૬ ના મુદાઓના જવાબો નીચે મુજબ છે.

**મુદા નં. ૧** **:–** હકારમાં.

**મુદા નં. ર** **:–** હકારમાં.

**મુદા નં. ૩** :– હકારમાં.

**મુદા નં. ૪** :– અંશત:હકારમાં.

**મુદા નં. ૫** :– અંશત:હકારમાં.

**મુદા નં. ૬** :– અંશત:હકારમાં.

**મુદા નં. ૭** :– આખરી હુકમ મુજબ.

**– : : કારણો : : –**

(૧૩) **મુદા નં.૧ થી ૩** :–

સદર મુદા નં.૧ થી ૩ એકબીજાથી અતુટ રીતે સંકળાયેલા હોય કારણોની ચર્ચામાં પુનરાવર્તન ટાળવાના શુભ હેતુસર મુદાઓની ચર્ચા સંયુકત રીતે નીચે મુજબ કરવામાં આવે છે.

સદર મુદાઓ સંબંધે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતાં, અરજદારે આંક–૮૦ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે જેમાં તેણે આંક–૧ ની અરજીની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જે સામે સામાવાળા નં.ર અને ૩ તરફે વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા અરજદાર જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, રોહીતભાઈ મોહનભાઈ પટણી મારા ઘરની બાજુમાં રહે છે અને તે કલર કામની મજુરી કામ કરે છે. એ વાત ખરી છે કે, રોહીતભાઈ અને કાનજીભાઈ ભેગા રાપર મુકામે કામ ઉપર ગયેલા. એ વાત ખરી છે કે, મારા પતિ સારક મહા સેવા ટ્રસ્ટ મંદિરના કલર કામ માટે ગયેલા. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, રોહીતભાઈ તેમને કામ ઉપર લઈ ગયેલા. એ વાત ખરી નથી કે, મારા પતિને કેટલુ રોજ મળતુ હતુ તેની મને ખબર નથી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, રકમ રૂા.૭૦૦/– આપતા હતા. એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે હુ હાજર હતી નહી. એ વાત ખરી છે કે, કઈ રીતે બનાવ બનેલ તેની મને જાત માહીતી નથી. એ વાતની મને ખબર નથી કે, સામાવાળા નં.ર વાઘેલા શિવાજી છોટુભાઈ અને સામાવાળા નં.૩ રામદેવસિંહ છોટુભાએ તેમની જમીન સારક મહા સેવા ટ્રસ્ટમાં દાનમાં આપેલી છે. એ વાતની મને ખબર નથી કે, સામાવાળા નં.ર અને નં.૩ મંદિરનો

કોઈ વહીવટ સંભાળતા નથી. એ વાતની મને ખબર નથી કે, મારા પતિ સારક મહાસેવા ટ્રસ્ટ તથા સામાવાળા નં.પ હરપાલસિંહ અનિરૂધ્ધસિંહ વાઘેલાના કામદાર હતા. એ વાતની મને ખબર નથી કે, વાલજીભાઈ હીરજીભાઈ ટેરાએ આ સારકમહા સેવા ટ્રસ્ટનો કલર કામનો કોન્ટ્રાકટ રાખેલો. એ વાત ખરી નથી કે, સામાવાળા નં.ર અને નં.૩ એ મંદિર માટે પોતાની જમીન દાનમાં આપેલ હોય તેઓએ મારા પતિને કામદાર તરીકે રાખેલ ન હોય વળતર ચુકવવા જવાબદાર નથી. તે વાત ખરી નથી કે, રોહિતભાઈ મોહનભાઈ પટણી મારા પતિ સાથે કલર કામના કામદાર હોય તેઓ વળતર રકમ ચુકવવા જવાબદાર નથી. એ વાત ખરી છે કે, મારા પતિને રોજના રૂા.૭૦૦/– ચુકવતા હતા તેવો કોઈ આધાર રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, હાજરીપત્રક કે અન્ય કોઈ આધાર પણ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારા પતિ સારવાર દરમ્યાન મૃત્યુ થતા સારક મહાસેવા ટ્રસ્ટ તરફથી રૂા.૧,૦૦,૦૦૦/– મને ચુકવવામાં આવેલા. એ વાત ખરી છે કે, તા.ર૪/૧૦/ર૦રર નારોજ વળતરની રકમ લેવા અમો સારક મહાસેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી પાસે ગયેલ હતા. એ વાત ખરી નથી કે, મને મારા પતિના વળતરની રકમ સામાવાળા નં.૪,પ,૬ ચુકવવા જવાબદાર નથી. એ વાત ખરી નથી કે, સામાવાળા નં.૧ મજુર હોય વળતર ચુકવવા જવાબદાર હોય.''

ત્યારબાદ સદર મુદા સંબંધે સામાવાળા નં.ર અને ૩ ધ્વારા આંક–૮૯,૯૦ થી લેખીત સરતપાસનુ સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જે તમામ સોગંદનામામાં એક સમાન હકીકત તેઓના આંક–રર ના જવાબની ખરી હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે જે સામે અરજદારના વકીલશ્રી ધ્વારા સામાવાળાઓની ઉલટતપાસ કરતા સામાવાળા નં.ર જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, મારૂ મુળ ગામ ગેડી છે. એ વાત ખરી છે કે, મારા વડવાઓ ત્યાં જ રહેતા હતા. એ વાત ખરી છે કે, સારક માઁ અમારા કુળદેવી છે. એ વાત ખરી છે કે, સારક માઁ નું મંદિર ગેડી મુકામે આવેલુ છે. એ વાત ખરી છે કે, મે મારા સોગંદનામામાં લખાવેલ હકીકત કે, ''સારકમાતાના મંદિર ઉપર કામ કરતા ગુજરનાર પડી ગયેલા.'' એ વાત ખરી છે કે, મે દાનમાં આપેલ જમીન અને મંદિર બંને બાજુ બાજુમાં આવેલ છે જેમા મંદિર અને મારી જમીનમાં વચ્ચે દિવાલ

હતી જે હાલ નથી. એ વાત ખરી નથી કે, મંદિર અને મે આપેલી દાનમાં જમીન એકજ પ્રિમાઇસીસમાં આવેલ છે. એ વાત ખરી છે કે, મે આપેલી જમીન અને મંદિર એ સળંગ એક જ જગ્યામાં છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આકારણીમાં બંને અલગ અલગ જગ્યા છે. એ વાત ખરી છે કે, મંદિરમાં થતા તમામ કાર્યક્રમો જેવા કે, હવન, કોઇપણ પ્રસંગ માતાજીના જે અમે ગોઠીભાઇઓ ભેગા થઇને કરતા હોઇએ છીએ. એ વાત ખરી છે કે, આ મંદિરના કોઇપણ કાર્યો થાય તો તેમા અમે આર્થીક યોગદાન આપીએ છીએ. મને નિ.૫/૧૦ બતાવવામાં આવે છે કે જે જોઇને જણાવુ છુ કે, એ વાત ખરી નથી કે, આ નિશાની વાળિ તકતી એ મંદિર ઉપર લગાવેલી છે. એ વાત ખરી છે કે, આ તકતીમાં મારૂ અને મારા ભાઇનુ હસ્તે નામ છે. એ વાત ખરી નથી કે, ગુજરનાર મંદિરમાં કામ પડતા પડી ગયેલ હોય અને મરણ પામેલ હોય તેનુ વળતર ચુકવવુ ન પડે માટે થઇને સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છે. એ વાત ખરી નથી કે, આ મંદિર મારી માલીકીની મિલકતમાં આવેલ છે.''

ત્યારબાદ સામાવાળા નં.૩ જણાવે છે કે,'' એ વાત ખરી છે કે, સારક માઁ અમારા કુળદેવી છે. એ વાત ખરી છે કે, સારક માઁ નું મંદિર ગેડી મુકામે આવેલુ છે. એ વાત ખરી નથી કે, સારક માઁ કુળદેવી માતાના મંદિરમાં તેના કામકાજમાં અને ફાળો આપવા માટે જઇએ છીએ. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, માત્ર દર્શન કરવા જઇએ છીએ. મને આંક–૯૩ વાળિ તકતીનુ લખાણ લખેલ દસ્તાવેજ બતાવવામાં આવે છે. જે જોઇને જણાવુ છુ કે, એ વાત ખરી છે કે, તેમાં મારૂ નામ લખેલુ છે. એ વાત ખરી છે કે, મંદિરમાં થતા તમામ કાર્યક્રમો જેવા કે, હવન, કોઇપણ પ્રસંગ માતાજીના જે અમે ગોઠીભાઇઓ ભેગા થઇને કરતા હોઇએ છીએ. આ મંદિર વર્ષ–૨૦૨૦ માં બનેલ છે. એ વાત ખરી છે કે, ગુજરનાર કાનજીભાઇ મંદિરનુ કામ કરતા પડી જતા ગુજરી ગયેલ છે. જે હકીકત મારા સોગંદનામામાં જણાવેલ છે. એ વાત ખરી નથી કે, ગુજરનાર મંદિરમાં કામ પડતા પડી ગયેલ હોય અને મરણ પામેલ હોય તેનુ વળતર ચુકવવુ ન પડે માટે થઇને સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છે. એ વાત ખરી નથી કે, આ મંદિર મારી માલીકીની મિલકતમાં આવેલ છે.''

(૧૪) આમ ઉપરોકત તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, સામાવાળા નં.૧ ધ્વારા આંક–૨૧ થી અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ છે પરંતુ

તેના સમર્થનમાં કોઈ પુરાવો રજુ થયેલ નથી. પરંતુ અરજદાર પોતે ઉલટતપાસમાં સામાવાળા નં.૧ રોહીતભાઈ મોહનભાઈ પટ્ટણી તેમની ઘરની બાજુમાં રહેતા હોય અને કલર કામની મજુરી કરતા હોવાનુ તથા તેઓએ તેમના પતિને કામ ઉપર લઈ ગયેલ હોવાનુ જણાવે છે જેથી સામાવાળા નં.૧ ના જવાબની એ હકીકત કે તેઓ કોઈ કોન્ટ્રાકટર નથી પરંતુ પોતે મજુર છે તે હકીકત નહી માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. આ સાથે સામાવાળા નં.૧ એ તેના જવાબમાં જણાવેલ કે કોન્ટ્રાકટરનુ નામ, સરનામુ મળ્યેથી રજુ કરશે તે હકીકત મુજબ સામાવાળા ધ્વારા આંક–૨૩ થી કોન્ટ્રાકટરનુ નામ અને સરનામુ જાહેર કરતી પુરશીસ રજુ કરેલ છે જે અનુસંધાને અરજદાર ધ્વારા તેઓને તથા સારક માતા મંદિરના ટ્રસ્ટને સામાવાળા તરીકે પાછળથી જોડવા અરજ કરેલ જે કોર્ટ ધ્વારા મંજુર રાખવામાં આવેલ. આમ, સદર પક્ષકારોને જોડયા બાદ કાયદાકીય યોગ્ય અને વ્યાજબી તક આપવા છતા તેઓ ધ્વારા કોઈ જવાબ કે પુરાવો રજુ થયેલ નથી. જેથી અરજદારની અરજીની હકીકત વિરૂઘ્ધ તેઓ ધ્વારા કોઈ વિરોધાભાષી પુરાવો રેકર્ડ પર આવવા પામેલ નથી.

**(૧૫)** આ ઉપરોકત હકીકત સાથે સામાવાળા નં.૨ અને ૩ તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે જે ઘ્યાને લેતા સામાવાળા નં.૨ અને ૩ ધ્વારા અકસ્માતની જગ્યાએ સારક માતા મંદિર ટ્રસ્ટને તેઓના વડવાઓની ઈચ્છા મુજબ દાન કરવામાં આવેલ હોવાનુ જણાવેલ છે અને તેઓ એમ પણ સ્વીકારે છે કે મંદિર અને તેમની જમીન વચ્ચે એક દિવાલ હતી જે હાલમાં નથી. આપેલી જમીન અને મંદિર સળંગ એક જ જગ્યામાં છે એ વાતનો પણ સ્વીકાર કરે છે કે મંદિરમાં લગાવેલ તકતીમાં તેમનુ અને તેમના ભાઈનુ હસ્તે નામ છે. એ વાતનો પણ સ્વીકાર કરે છે કે, સારક માતાના મંદિર ઉપર કામ કરતા ગુજરનાર પડી ગયેલા. આમ સદર સાહેદોની ઉપરોકત હકીકત સાથે તેઓની દલીલ ઘ્યાને લેતા તેઓ જણાવે છે કે, તેઓએ મંદિરની જગ્યા દાન આપી દીધેલ હોય તેઓનો કબજો ત્યાં ન હોય તેથી તેઓ અરજદાર તરફે કોઈપણ પ્રકારે વળતર ચુકવવા જવાબદાર રહેતા નથી. તે હકીકત સાથે ટ્રાન્સફર ઓફ પ્રોપટી એકટની કાયદાકીય

જોગવાઈ ધ્યાને લેવી જરૂરી હોય જે નીચે મુજબ છે.

Section 123 in Transfer of Property Act, 1977

**123. Transfer how effected.**

For the purpose of making a gift of immovable property, the transfer must be effected by a registered instrument signed by or on behalf of the donor, and attested by at least two witnesses.For the purpose of making a gift of moveable property, the transfer may be effected either by a registered instrument signed as aforesaid or by delivery. Such delivery may be made in the same way as goods sold may be delivered. Explanation. - The word "attest" has the same meaning in this section as in section 59.

આમ કલમ–૧૨૩ મુજબ કોઈપણ સ્થાવર મિલકત ટ્રાન્સફર કરવા તે મિલકતનુ રજીસ્ટ્રેશન એ દાન આપનાર અને બે સાક્ષીઓની હાજરીમાં કરવુ ફરજીયાત છે. આ કાયદાકીય જોગવાઈ મુજબ હાલના કામમાં સામાવાળા નં.ર અને ૩ ધ્વારા દાનમાં અપાયેલ જમીન જેના પર સારક માતા ટ્રસ્ટનુ મંદિર આવેલ છે અને જે જગ્યાએ અકસ્માત બનેલ છે તે જમીનનુ રજીસ્ટ્રેશન થયેલ હોય તેવો કોઈ પુરાવો તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. આ સાથે તેમની ઉલટતપાસ ધ્યાને લેતાં, સદર મંદિરનુ તમામ વહીવટી તથા પુજા પાઠનુ કામ તેઓ અને તેઓના ગોઠી ભાઈઓ ધ્વારા કરવામાં આવતુ હોવાનુ પણ સ્વીકાર કરેલ છે. જેથી કરીને સદર જમીન જયાં સુધી કાયદાકીય રીતે ટ્રસ્ટના નામે ટ્રાન્સફર થયેલ નથી ત્યાં સુધી તેના માલીક સામાવાળા નં.ર અને ૩ નાઓ બની રહે છે તેવુ માનવાને ચોકકસ કારણ છે.

**(૧૬)** આ ઉપરોકત હકીકત સાથે સામાવાળા નં.ર–૩ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગુજરનાર કાનજીભાઈ લીલાભાઈ ચાવડા મંદિરનુ કામ કરતા પડી ગયેલ જે હકીકતને સામાવાળા નં.૧ તેના જવાબમાં તેઓ કોન્ટ્રાકટર નથી તે સબંધે ઈન્કાર કરેલ છે અને વધુમાં તેઓ ત્યાં કામ કરતા ન હતા પરંતુ રસોઈ કામ કરતા હતા તેવુ જણાવેલ છે પરંતુ આ સંબંધે

તેઓ ધ્વારા કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. ઉલટાનુ અરજદારની જુબાનીના આધારે સામાવાળા નં.૧ મજુર હોવાનુ માનવાને કારણ રહે છે જેથી કરીને સામાવાળા ધ્વારા કોન્ટ્રાકટર તરીકે સામાવાળા નં.૬ વાલજીભાઈ હીરજીભાઈ કેરાઈનુ નામ જાહેર કરવામાં આવેલ. તેઓને પક્ષકાર જોડયા બાદ પણ ધોરણસરની નોટીસ બજવા છતા હાજર થયેલ નથી અને કોઈ પુરાવો આપવામાં આવેલ નથી જેથી તેમની સામે પણ વિરૂધ્ધનુ અનુમાન માની શકાય છે. તેવી જ રીતે સામાવાળા નં.૪ અને ૫ નાઓ જે મંદિરના ટ્રસ્ટ અને ટ્રસ્ટી છે તેઓ ધ્વારા પણ કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય તેમની સામે પણ વિરૂધ્ધનુ અનુમાન માની શકાય છે.

(૧૭) આ સાથે સામાવાળા નં.૨ અને ૩ ધ્વારા તેઓની આંક–૧૦૭ ની દલીલમાં જણાવેલ કે આંક–૮૩ નુ ટ્રસ્ટ ડીડ રજુ થયા પછી ટ્રસ્ટીઓને પક્ષકાર તરીકે જોડવાની અરજી આપેલ પરંતુ ટ્રસ્ટ અને સામાવાળા નં.૫ તરીકે મેનેજીંગ ટ્રસ્ટીને જ જોડેલ છે જેથી પક્ષકારોનો બાધ નડે છે. સામાવાળાઓની સદર દલીલ સંબંધે વર્કમેન કોમ્પેનસેશન એકટ–૧૯૨૩ ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં તમામ ટ્રસ્ટીઓને પક્ષકાર તરીકે જોડવા જરૂરી નથી માત્ર ટ્રસ્ટને જોડવાથી પણ આપો આપ ટ્રસ્ટીઓ જવાબદાર બને છે. સદર કાયદો એ સિવીલ પ્રોસીઝર કોડની જેમ એકદમ કડક અને સચોટ વલણ ધરાવતો નથી. જેથી સદર કાયદા હેઠળ કરેલ અરજીમાં મેનેજીંગ ટ્રસ્ટી કે ટ્રસ્ટને જોડવુ પુરતુ છે.

(૧૮) આવી જ રીતે સામાવાળા નં.૧ તરફે આવેલ જવાબમાં તેઓએ જણાવે કે, અરજદારની અરજીને તમામ વારસદારો જોડેલ ન હોય અરજી રદ થવા પાત્ર છે. જે હકીકત સામે પણ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા વર્કમેન કોમ્પનસેશન એકટ એ કામદારોના હીત માટેનો કાયદો છે જેમાં કામદારોની ઉપર આધારીત એવા તમામ વ્યકિતનો સમાવેશ કરવામાં આવે છે. સદર અરજીમાં ગુજરનારની ઉંમર ૬૯ વર્ષની હતી જેથી સામાન્ય રીતે તેમના દીકરા કે દીકરી પુખ્ત વયની ઉંમરના હોવાનુ માની શકાય છે. જેઓ કોઈપણ રીતે ગુજરનાર ઉપર આધારીત છે તેવો કોઈ પુરાવો અરજદાર ધ્વારા આપેલ નથી કે તેની

અરજી પરથી માની શકાતુ નથી. જેથી કાયદાકીય જોગવાઈ મુજબ તેના તમામ વારસદારોને જોડવા જરૂરી નથી પરંતુ ગુજરનારના આશ્રીતોને જોડવા જરૂરી છે. જેથી સદર સંબંધે પણ અરજદારની અરજીને પક્ષકારોનો બાધ નડતો નથી.

(૧૯) આમ ઉપરોકત તમામ પુરાવાઓના મુલ્યાંકન અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા, અરજદારની અરજીને સામાવાળા નં.ર થી ૬ ઘ્વારા સમર્થન મળી રહે છે જેથી ગુજરનાર સામાવાળા નં.ર–૩ ની માલીકીની જમીનમાં સામાવાળા નં.૪–પ ની ટ્રસ્ટના મંદિરમાં તથા સામાવાળા નં.૬ ના કોન્ટ્રાકટ હેઠળ મંદિરમાં કલર કામ કરતા હતા તે દરમ્યાન તેઓ પડી જતા તેમનુ અકસ્માતથી મૃત્યુ થયેલ છે તે નહી માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. જેથી સામાવાળા નં.ર થી ૬ ના સંયુકત અને વિભકત રીતે અરજદારને વળતર ચુકવવા માટે જવાબદાર હોવાનુ માનવાને કારણ રહે છે જેથી **મુદા નં.૧ થી ૩** નો જવાબ '**હકારમાં**' આપવામાં આવે છે.

(૨૦) **મુદા નં.૪:–**

આ કામે અકસ્માત સમયે ગુજરનાર કાનજીભાઈ લીલાભાઈ ચાવડાની ઉમર પરત્વે અરજદારો તરફે આંક–૧ ની અરજી તથા અરજદાર નં.૧ ના મૌખિક પુરાવામાં ગુજરનાર ઈસ્માઈલભાઈ ની અકસ્માત સમયે ઉંમર ૬૯ વર્ષની હોવાની હકિકત જણાવેલ છે. જે હકિકતના સમર્થનમાં આ કામે અરજદાર પક્ષે આંક–૧૦પ થી આધારકાર્ડ સિવાય અન્ય કોઈ દસ્તાવેજો રજુ થયેલ નથી જેથી આધારકાર્ડમાં લખેલ જન્મ તારીખને ધ્યાને લેવામાં આવે છે. જે વંચાણે લેતા, આધારકાર્ડમાં ગુજરનારની જન્મ તા.૧/૧/૧૯પ૩ જણાવેલ છે. વધુમાં ગુજરનારને થયેલ અકસ્માત મૃત્યુનો બનાવ તા.પ/૧૦/ર૦ર૦ ના રોજ બનેલ છે જે મુજબ ગણતરી કરતા મૃત્યુ સમયે ગુજરનારની ઉમર ૬૮ હોવાનુ જણાઈ આવે છે. આમ, કામદાર વળતર ધારાની જોગવાઈઓ ધ્યાને લઈ બનાવ સમયે ગુજરનારની **ઉંમર વર્ષ–૬૮** હોવાનું માનવામાં આવે છે.

**આવક :–**

આ કામે અરજદાર પક્ષે ગુજરનારની આવક અન્વયે આંક–૧ ની અરજી તથા અરજદાર

નં.૧ ની આંક–૮૦ થી રજુ સોગંદ ઉપરની જુબાનીમાં ગુજરનાર સામાવાળાઓને ત્યાં કલર કામ કરતા હતા જેમા સામાવાળા નં.૬ તેઓને માસીક પગાર રૂા.૨૧,૦૦૦/– આપતા હોવાની હકીકત જણાવે છે. સદર હકીકત સબંધે એક પણ સામાવાળાઓ ધ્વારા ગુજરનારની આવક સબંધે કે પગાર સબંધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો આપવામાં આવેલ નથી. આમ, અરજદાર તથા સામાવાળા નં.ર થી ૬ તરફથી પગાર અંગે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, જે તે સમયના લઘુતમ વેતન વળતર ચુકવતી વખતે ધ્યાને લેવા પડે. આ કામે હાલનો બનાવ તા.૩/૧૦/૨૦૨૦ ના રોજ બનેલ છે તે સમયનો ઝોન–ર નો પ્રવર્તમાન અનસ્કીલ્ડ મીનીમમ વેજીસ રૂા.૩૨૪–૫૦ પૈ. હતો તેને ૨૬ દીવસ લેખે ગણતરી કરીએ તો અરજદાર રૂા.૮,૪૩૭/– આવક મેળવતા હોવાનુ માની શકાય છે. વધુમાં વર્કમેન કમ્પનસેશન એકટ–૧૯૨૩ ના કાયદા અને તેમાં થયેલ સુધારા અંગેની ચર્ચા આ તબકકે કરવી જરૂરી છે. સદરહું કાયદાને છેલ્લે સને–૨૦૦૯ માં સુધારવામાં આવેલ અને તેનો અમલ તા.૧૮/૧/૧૦ ના રોજથી કરવામાં આવેલ અને તે મુજબ કાયદાનું નવું નામ 'વર્કમેન કમ્પનસેશન એકટ' ની જગ્યાએ 'એમ્પ્લોઈઝ કમ્પનસેશન એકટ' કરવામાં આવેલું તથા જુના કાયદાની કલમ–૪ માં જે માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૪,૦૦૦/– સુધી ની કરવામાં આવેલી હતી તે અંગેની સમજુતી રદ કરીને તેની જગ્યાએ કલમ–૪ માં પેટા કલમ–૧(બી) દાખલ કરવામાં આવેલ અને તે મુજબ માસીક પગાર અંગે કેન્દ્ર સરકાર નોટીફીકેશન ધ્વારા રકમ નકકી કરશે તેવી જોગવાઈ કરેલ છે તથા S.O.1258(E) તા.૩૧/૫/૧૦ ના રોજ નોટીફીકેશન ધ્વારા માસીક પગારની મર્યાદા વળતરની ગણતરી માટે રૂા.૮,૦૦૦/– ની કરવામાં આવેલ છે. પરંતુ આ સાથે કેન્દ્ર સરકારના નોટીફીકેશન નં.S.O.71(E) ને વંચાણે લેતા સદર નોટીફીકેશન મુજબ તા.૩/૧/૨૦૨૦ થી વળતરની ગણતરી માટે માસીક પગારની મર્યાદા રૂા.૧૫,૦૦૦/– કરેલ છે. જે સાથે હાલના કેસમાં બનેલ બનાવની તારીખ ધ્યાને લેતા અકસ્માતનો બનાવ તા.૪/૧૦/૨૦૨૦ નારોજ બનેલ અને ગુજરનાર

તા.૫/૧૦/૨૦૨૦ નારોજ મરણ પામેલ હોય હાલના કેસમાં ઉપરોકત નોટીફીકેશનની હકીકતો લક્ષમા લેતા, ગુજરનારની અકસ્માત સમયે માસીક આવક **રૂા.૧૫,૦૦૦/–** હોવાનુ માનવામાં આવે છે. આમ,ઉપરોકત કારણોની ચર્ચાને આધારે **મુદા નં.૪** નો જવાબ '**અંશત: હકાર**' માં આપવામાં આવે છે.

(૨૧) <u>મુદા નં.૫ :–</u>

<u>વળતર અંગેની ચર્ચા :–</u>

સદર મુદા સબંધે ઉપરોકત મુદા નં.૧ થી ૪ ની ચર્ચાના જવાબના આધારે અરજદાર મુદા નં.૧ થી ૩ માં ગુજરનારના કાયદેસર આશ્રિત અને વારસદાર હોવાનુ અને ગુજરનાર સામાવાળા નં. ૨ થી ૬ ના કામદાર હોવાનુ પુરવાર કરેલ છે. જેથી સામાવાળા નં.૨ થી ૬ અને અરજદાર વચ્ચે માલીક–નોકરનો સબંધ પુરવાર થયેલ છે ત્યારે અરજદાર કેટલુ વળતર મેળવવા હકકદાર છે તે મુદા નં.૫ ના જવાબને ધ્યાને રાખી ગણતરી નીચે મુજબ કરવામાં આવે છે.આ કામમાં અરજદાર એ રૂા.૧૦,૪૩,૩૮૫/– વળતર પેટેની માંગણી કરેલ છે. લાગુ પડતા કાયદા અનુસંધાને ક.–૪(૧)(સી) મુજબ ગણતરી કરવામાં આવે તો...

**રૂા.૧૫,૦૦૦/–** માસીક પગાર મુજબ ના **૫૦%** ગણતા રૂા.૭,૫૦૦/– થાય અને તેને ગુજરનારની ઉંમર કે જે ઉપર ચર્ચા કરી મુજબ **૬૮ વર્ષ** અવસાન સમયે હતી તે મુજબ તેને લાગુ પડતા શીડયુઅલ–૪ ના રીલેવન્ટ ફેકટર **<u>૯૯.૩૭</u>** સાથે ગુણતા રૂા.૭,૪૫,૨૭૫/– થાય છે. એ રીતે આ કામના અરજદાર આ કામના સામાવાળાઓ નં.૨ થી ૬ નાઓ પાસેથી સંયુકત તથા વિભકત રીતે **રૂા.૭,૪૫,૨૭૫/– (અંકે રૂપિયા સાત લાખ પુરા)** વળતર પેટે મેળવવા હકકદાર બને છે. આમ,ઉપરોકત કારણોની ચર્ચાને આધારે **મુદા નં.૫** નો જવાબ '**અંશત: હકાર**' માં આપવામાં આવે છે.

(૨૨) <u>મુદા નં.૬:–</u>

સદર મુદા સંબંધે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા જો અકસ્માત થયાના એક માસમાં વળતરની રકમ ચુકવવામાં ન આવે તો કલમ–૪(એ) ની પેટા કલમ – ૩ ના કલોઝ

(એ) મુજબ કાયદાની જોગવાઈ મુજબ માલીક વળતરની રકમ ઉપર વાર્ષિક ૧૨ % લેખે વ્યાજની રકમ ચુકવવા જવાબદાર બને છે. વધુમાં **2014 ACJ 467 સાબેરાબીબી યાકુબભાઈ શેખ વિ. નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લી. તથા બીજાઓ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે કમીશનરશ્રીએ અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ સાથે વળતર ચુકવવાનો હુકમ કરેલ તે હુકમ નામદાર સુપ્રીમકોર્ટે ગ્રાહ્ય રાખી અરજદાર અકસ્માત તારીખથી ૧૨% વ્યાજ મેળવવા હકદાર હોવાનુ ઠરાવેલ છે તથા **2012(3) ACC 367 ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની વિરુધ્ધ સીબી જ્યોર્જ**ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે અકસ્માત તારીખથી અરજદારો વળતરની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર હોવાનુ ઠરાવેલ છે. તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ૨૦૨૨(૦) એઆઈજેઈએલ એસ.સી. ૬૮૫૧૫ ઉપર પ્રસિધ્ધ થયેલ શોભા વિ. ચેરમેન વિઠૃલરાવ શીંદે સહકારી સાકર કારખાના લી.ના ચુકાદામાં અકસ્માત તારીખથી ૧૨% લેખે વ્યાજ સહીત વળતર મેળવવા હકકદાર થાય છે તેવુ પ્રસ્થાપિત કરેલ છે. આમ ઉપરોકત વિગતો લક્ષમાં લેતા વ્યાજનો હુકમ સામાવાળા નં.૨ થી ૬ સામે કરવાનો થાય છે. આમ, રેકર્ડ પરની સમગ્ર રજુઆત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં, અરજદાર અકસ્માત તારીખથી એટલે કે તા.૪/૧૦/૨૦૨૦ થી વળતરની રકમ વસુલ થતા સુધીના સમયગાળા માટે વળતરની રકમ **રૂા.૭,૪૫,૨૭૫/- (શબ્દોમાં રૂપિયા સાત લાખ પીસતાલીસ હજાર બસો પંચોતેર પુરા)** ઉપર **૧૨%** લેખે સાદુ વ્યાજ સામાવાળા નં.૨ થી ૬ પાસેથી વસુલ મેળવવા હકકદાર છે. હવે પેનલ્ટી ચુકવવા અંગે ચર્ચા કરીએ તો ઉપરોકત કાયદાની જોગવાઈ વંચાણે લેતા માલિક તરફે અકસ્માતનો બનાવ બન્યા પછી ૩૦ દિવસમાં વળતરની રકમ ચુકવવાની જવાબદારી માલિકની થાય છે. હાલના કેસમાં માલિક ધ્વારા એટલે કે સામાવાળાઓ તરફથી અકસ્માત તારીખથી ૩૦ દિવસમાં વળતરની રકમ જમા કરાવેલ નથી. વધુમાં કાયદાકીય જોગવાઈ વળતરની રકમમાં ૫૦% થી વધુ નહી તેવી રકમની પેનલ્ટી ચુકવવા હુકમ કરી શકાય. કામદાર

વળતર ધારાની કલમ: ૪(એ) વંચાણે લેતા જો અકસ્માત બાદ દિન–૩૦માં માલીક વળતરની રકમ જમા ન કરાવે તો ૫૦% સુધીની પેનલ્ટી વળતરની રકમ ભરવા માલીક જવાબદાર બની શકે. જે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા આ કામે સામાવાળાએ અકસ્માત બાદ વળતરની રકમ દિન–૩૦માં અત્રેની કોર્ટમાં જમા કરાવેલ નથી. જેથી હાલના કેસની હકિકતો અકસ્માતની તારીખ, ગુજરનાર કામદારનો કામનો પ્રકાર, બનાવનો સમય, કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપીત સિધ્ધાંત લક્ષમાં લેતા વળતરની રકમ **રૂા.૭,૪૫,૨૭૫/– (શબ્દોમાં રૂપિયા સાત લાખ પીસતાલીસ હજાર બસો પંચોતેર પુરા)** ના **૧૫%** પેનલ્ટીની રકમ **રૂા.૧,૧૧,૭૯૧/– (શબ્દોમાં રૂપિયા એક લાખ અગિયાર હજાર સાતસો એકાણું પુરા)** સામાવાળાઓ નં.૨ થી ૬ નાઓએ અરજદારને ચુકવી આપવા જવાબદાર હોવાનુ માનવામાં આવે છે. આમ ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર સદર મુદા પુરવાર કરવામાં અંશત: સફળ થયેલ હોય **મુદા નં.૬** નો જવાબ '**અંશત:હકારમાં**' આપવામાં આવે છે.

(૨૩) <u>**મુદા નં.૭ :–**</u>

સદર મુદા સબંધે ઉપરોકત મુદા નં.૧ થી ૬ માં ચર્ચા કરી અને તેના જવાબના આધારે **મુદા નં.૭** નો જવાબ નીચે આખરી હુકમ મુજબ કરવામાં આવે છે.

## <u>– : : આ ખ રી હુ ક મ : : –</u>

(૧) આથી સામાવાળા નં.૧ સામે હાલની અરજી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં અરજદારનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન ફેટલ કેસ **સામાવાળા નં.૨ થી ૬ સામે અંશત: મંજુર** કરવામાં આવે છે.

(૩) આ કામના અરજદાર ગુજરનાર કાનજીભાઈ લીલાભાઈ ચાવડાના અકસ્માત મૃત્યું બદલ આ કામના સામાવાળાઓ નં.૨ થી ૬ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ **રૂા.૭,૪૫,૨૭૫/– (શબ્દોમાં રૂપિયા સાત લાખ પીસતાલીસ હજાર બસો પંચોતેર પુરા) મૃત્યુ તા.૫/૧૦/૨૦૨૦ થી** વસુલ થતા

સુધી ૧૨% લેખે સાદા વ્યાજ સહીતની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના અરજદાર આ કામના સામાવાળાઓ નં.૨ થી ૬ પાસેથી સંયુકત અને વિભકત રીતે વળતરની રકમ રૂા.૭,૪૫,૨૭૫/–ના **૧૫%** લેખે પેનલ્ટીની રકમ **રૂા.૧,૧૧,૭૯૧/– (શબ્દોમાં રૂપિયા એક લાખ અગિયાર હજાર સાતસો એકાણું પુરા)**ની રકમ વસુલ મેળવવા હકકદાર હોવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં અરજી ખર્ચની રૂા.૫,૦૦૦/– સામાવાળાઓ નં.૨ થી ૬ એ અલગથી અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના સામાવાળાઓ નં.૨ થી ૬ ઉપરોકત હુકમ મુજબ વળતર, વ્યાજ, પેનલ્ટી તથા અરજીના ખર્ચ વગેરેની તમામ રકમ સંયુકત અને વિભકત રીતે હુકમની જાણ થયે દિન.૩૦ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૬ મી, માહે:મે, સને: ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૧૬/૦૫/૨૦૨૬

**(જે. એસ. જાદવ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (જુ.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (૦૧૪૨૪)

J.S.JADAV
JUDGE(J.D),LABOUR COURT,JUNAGADH